C.C.NO.1706/2006. (1)

D 973

કેસ દાખલ તારીખ:૦૧/૦૯/૨૦૦૬
રજી.થયા તારીખ:૦૧/૦૯/૨૦૦૬
ફેસલ કર્યા તારીખ: 02/02/08
સમય ગાળો:વર્ષ..... માસ..... દિવસ...

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ
નંબર:૧૯.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબર:૧૭૦૬/૨૦૦૬.
આંક-

ફરીયાદી:- શ્રી સરકાર.

વિરૂદ્ધ.

આરોપી:- રાણાભાઈ સાદુલભાઈ ભરવાડ.
ઉ.વ. ૪૦, રહે- સ્વપ્ન સંકેત
સોસાયટીની સામે, વટવા-ગામ, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી રાજેશ ગોગરા.
આરોપી તરફે વિ.વ.શ્રી કે.બી.પ્રસાદ.

---

ગુનો:-ઈ.પી.કો.કલમ: ૩૨૩, ૨૯૪(ખ) મુજબ .

---

Scanned with CamScanner

---

# જજમેન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૯/૦૭/૨૦૦૬ ના કલાકઃ ૧૭.૩૦ વાગ્યે ફરીયાદીના ઘરની સામે જાહેરમાં આ કામના આરોપીએ આવી ફરીયાદીને જણાવેલ કે, તારા ભાઈ રાજુની પાસે ફેરાના પૈસા માંગુ છુ. તેમ જણાવી બિભત્સ ગાળો બોલી, હાથમાં ઇંટનો ટુકડો પકડી કપાળના ભાગે મારી દઈ, ઈજાઓ કરી ભાગી જઈ પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંકઃ ૦૨ થી ગુના સંબધે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીને ગુના અંગેની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા તેમની સામેના આક્ષેપોની હકીકતોનો ઈન્કાર કરી ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

Scanned with CamScanner

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | તપાસ કરનાર અમલદારશ્રી રમેશભાઈ નાગજીભાઈની જુબાની | ૦૩ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | અસલ ફરીયાદ | ૦૪ |
| ૨ | પી.એસ.ઓને કરેલ રીપોર્ટ | ૦૬ |

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી.

(૫) શ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રીનાઓને સાંભળ્યા. આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૬) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

−૦ મુદ્દા ૦ −

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૯/૦૭/૨૦૦૬ ના કલાકઃ ૧૭.૩૦ વાગ્યે ફરીયાદીના ઘરની સામે જાહેરમાં આ કામના આરોપીએ

આવી ફરીયાદીને જણાવેલ કે, તારા ભાઈ રાજુની પાસે ફેરાના પૈસા માંગુ છુ. તેમ જણાવી બિભત્સ ગાળો બોલી, હાથમાં ઇંટનો ટુકડો પકડી કપાળના ભાગે મારી દઈ, ઈજાઓ કરી ભાગી જઈ પાછળથી પકડાઈ જઈ ઈ.પી.કો કલમઃ ૩૨૩, ૨૯૪(ખ) મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

મુદ્દા નંબરઃ-૧

ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ ૩૨૩, ૨૯૪(ખ) મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

(૮) ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ ૦૩ થી તપાસ કરનાર અમલદારશ્રી રમેશભાઈ નગજીભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. સાહેદે પોતાની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૦૯/૦૭/૨૦૦૬

Scanned with CamScanner

ના રોજ વટવા પો.સ્ટે.ખાતે પોતાની ફરજ ઉપર હતા ત્યારે રવીભાઈ કેશવજી રાજપુતાનાઓએ ફરીયાદ તેમની રૂબરૂ જાહેર કરતા. ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલ અને વાંચી સંભાળાવી તેઓની સહી લેવામાં આવેલ તથા રૂબરૂ તરીકે પોતે સહી કરેલી. જે અસલ ફરીયાદ તેમને બતાવવામાં આવે તો તેમા ફરીયાદી તથા પોતાની સહી છે તે ઓળખી બતાવે છે. જે અસલ ફરીયાદને રજુ દાખલ આંકઃ ૦૫ આપવામાં આવેલ છે. ગુનાના કામે ફરીયાદીની ફરીયાદ લઈ ગુનો રજીસ્ટર્ડ થવા ચાર્જ અમલદારને સી.આર.પી.સી. ૧૫૭ નો રીપોર્ટ કરેલો તે રજુ કરવામાં આવેલ છે. આ કામે વધુ તપાસ તેઓને મળતા તેમણે તપાસ સંભાળી લીધેલ. આ કામે સાહેદોના નિવેદન લીધેલા. આરોપીને અટક કરેલ અને કોર્ટ ડ્યુટી કસ્ટડીમાં મોકલી આપેલ. આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોવાથી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખી બતાવે છે તથા આ કામના ફરીયાદી રવિભાઈ કેશવસિંહ રાજપુત, સાહેદ રામચરણ અયોધાપ્રસાદ ગુપ્તા, સાહેદ રામવીર કમલાદીનસિંહ રાજપુત નાઓને કાઢવામાં આવેલ સમન્સ તથા વોરન્ટ તેઓ રહેતા ન હોવાના શેરાથી પરત ફરેલ છે. જેથી મુખ્ય ફરીયાદી અને સાહેદોને તપાસી શકાયેલા નથી. આરોપી પક્ષના વિ.વકીલશ્રી દ્વારા તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસમાં સાહેદે એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલુ. સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ લખેલ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલ નથી. તેઓએ એવી હકીકતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદી

Scanned with CamScanner

સાહેદોએ ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો બોલેલ હોય તેવું તપાસ દરમ્યાન બહાર આવેલ નથી.

(૯) પ્રસ્તુત ફોજદારી કેસમાં ગુના અંગેની ફરીયાદ ફરીયાદી રવિભાઈ કેશવસિંગ રાજપુત નાઓએ નોધાવેલ હતી. અદાલતના પુરાવાની કર્યવાહી દરમ્યાન ફરીયાદી, સાહેદ રામચરણ અયોધ્યાપ્રસાદ ગુપ્તા તથા સાહેદ રામવીર કમલાદીનસિંહ રાજપુતનાઓ વિરૂદ્ધ પ્રોસેસ કાઢવામાં આવતા બંને ફરીયાદી અને સાહેદોના સમન્સ વોરન્ટ ફરીયાદી અને સાહેદો જણાવેલ સરનામે રહેતા ન હોવાના શેરા સાથે પરત ફરેલ છે. જેથી ફરીયાદી અને સાહેદની જુબાની રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદ પક્ષે દ્વારા તપાસ કરનાર અમલદારની જુબાનીમાં ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ. તપાસ કરનાર અમલદારની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો,પોતાની જુબાનીમાં પુરતો પુરાવો ન હોવાન છતાં ખોટું ચાર્જશીટ કરેલ, ફરીયાદી, સાહેદોએ ચોક્કસ ઉશ્કેરણીજનક શબ્દો લખાવેલ નથી. ફરીયાદી , સાહેદોએ કોઈ જગ્યાએ સારવાર કરાવેલ હોય તેના કોઈ સર્ટી રજુ કરેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદારે સાહેદોના નાવા સરનામા આ કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષના કેસને સ્વતંત્ર સાહેદોનું સમર્થન મળતુ નથી. આમ, એક માત્ર તપાસ કરનાર અમલદારની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. જેથી બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદીને બિભત્સ ગાળો આપી કપાળના ભાગે ઈંટ મારીને ઈજાઓ કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. જેથી મુદ્દા નંબરઃ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબરઃ૨ પરત્વે

Scanned with CamScanner

ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આરોપી રાણાભાઈ સાદુલભાઈ ભરવાડનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ ૩૨૩, ૨૯૪(ખ) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવા.

સદરહુ હુકમ આજ તારીખઃ૨ માહે૦૮ સને-૨૦૧૯ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ
તા.૦૨ /૦૮/૨૦૧૯

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

એમ.ટી.દેસાઈ.

Scanned with CamScanner